

## પંખી લોક

★ પ્રવીણ સરવૈયા

# કુંજ (Common Crane)

**સૌરાષ્ટ્રનાં મોટા ભાગનાં ગામડાંઓ ઉપરથી 'કાં કરાં કરાં' કરતાં કુંજનાં ટોળાં ઊડતાં દેખાય છે, તેનું આ સામૂહિક ઉડાન વેળાનું ગાન કર્ણપ્રિય લાગે છે એટલે જ તો આપણા લોકસાહિત્યકારોએ કુંજના અનેક ગીતો ગાયાં છે**

આપણે ત્યાં વરસાદ ઓછો થાય કે જતો રહે એટલે લગભગ ઓક્ટોબર મહિનામાં કુંજ પક્ષીઓનું આગમન શરૂ થઈ જાય. આમ પણ આપણો શિયાળો એટલે પરદેશી પંખીઓના આગમનની ઋતુ. ઠંડા પ્રદેશોમાં પડતી કાતિલ ઠંડીથી બચવા ઘણાં બધાં પંખીઓ ભારત જેવા ગરમ દેશમાં ચાલ્યાં આવે છે. આપણું ગુજરાત આવાં યાયાવર પંખીઓની બાબતમાં બહુ સમૃદ્ધ છે. કચ્છમાં ફ્લેમિંગો(સુરખાબ) ની હાજરીથી આખું ફ્લેમિંગો સિટી ઊભું થઈ જાય છે. કુંજ (Common Crane) શિયાળાની ઋતુમાં મુખ્યત્વે રશિયા (સાઇબિરીયા), કઝાકિસ્તાન અને ઉત્તર-મધ્ય એશિયાના દેશો તથા પૂર્વ યુરોપથી હજારો કિલોમીટરનો પ્રવાસ કરીને આપણે ત્યાં સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં આપણે ત્યાં વિપુલ માત્રામાં આવે છે. કુંજ કે કુંજડાના નામે ઓળખાતું આ પક્ષી જળપ્લાવિત ક્ષેત્રો અને ખેતર-પાદરને રહેણાંક બનાવે છે.

શિયાળામાં આ ઉત્તરીય પ્રદેશોમાં ભારે બરફવર્ષા શરૂ થતાં જ કુંજને ખોરાક મળવો અશક્ય બની જાય છે. તેથી તેઓ હિમાલય પરથી કે સેન્ટ્રલ એશિયન ફ્લાયવે (Central Asian Flyway) દ્વારા પ્રવાસ કરીને સૌરાષ્ટ્રના જળાશયો, કાનમ પ્રદેશ અને નળસરોવર જેવા ભેજવાળા વિસ્તારો (Wetlands) તરફ આવે છે.

કુંજ સાડા ત્રણથી ચાર ફૂટ જેટલી ઊંચાઈ ધરાવતું મોટા કદનું પંખી છે. તેનો રંગ રાખોડી છે. તેનાં માથાં અને ડોક પર સફેદ રંગ છે. કપાળ પર લાલાશપડતો રંગ છે. તેની પાંખોના છેડાના ભાગનાં થોડાં પીંછાં લંબાઈને પૂંછડી ઉપર ઝૂકે છે, તેથી પૂંછડીના છેડે નાનો-આછો ગુચ્છો દેખાય છે. તેની આંખનો રંગ રાતો છે. ચાંચ લાંબી, અણીદાર અને રંગે રાખોડી છે. પગ લાંબા અને કાળા રંગના છે. આ થઈ તેના દેખાવની વાત.

કુંજ ગુજરાતમાં નળસરોવર પર મોટી સંખ્યામાં આવે છે. સૌરાષ્ટ્રનાં મોટા ભાગનાં ગામડાંઓ ઉપરથી 'કાં કરાં કરાં' કરતાં કુંજનાં ટોળાં ઊડતાં દેખાય છે, તેનું આ સામૂહિક ઉડાન વેળાનું ગાન કર્ણપ્રિય લાગે છે એટલે જ તો આપણા લોકસાહિત્યકારોએ કુંજના અનેક ગીતો ગાયાં છે. પૂર્વે કહ્યું તેમ શિયાળામાં કુંજડાંનાં મોટાં ટોળાં આપણે ત્યાં ઊતરી પડે છે. તેમનું ઉડ્ડયન ઘણું મનોહર છે. સામાન્ય રીતે તેઓ અંગ્રેજી 'V' આકારે ઊડે છે. આગળના ભાગનું પહેલું પક્ષી ટોળાંનું નાયક હોય છે. ટોળું નાયકને અનુસરતું હોય છે. ઊડતાં-ઊડતાં એને બોલવાની ટેવ છે. તેના અવાજમાત્રથી ગામડાંનાં નાનાં છોકરાં પણ તેને ઓળખી કાઢે છે. કુંજને 'કુંજલડી' બનાવીને પરદેશી પંખી તરીકે આપણાં લોકગીતોમાં અને કવિતાઓમાં કવિઓએ ગાઈ છે. કેટલાક લોકો તેનો શિકાર કરીને ખાય છે. તેનો શિકાર થતો જોવામાં આવે તો એવું દુષ્કૃત્ય થતું અટકાવવું જોઈએ. કાયદાકીય રીતે કુંજ પક્ષીના શિકાર પર પ્રતિબંધ છે.

મોડામાં મોડાં ચૈત્ર મહિના સુધી કુંજડાં અહીં રહે છે. આપણા શિયાળુ પાકોનો સ્વાદ ચાખ્યા પછી તેઓ વતનમાં ઊપડી જાય છે. ખોરાકમાં તે જીવાત, લીલી કૂંપળો, મગફળીના દાણા, અનાજ વગેરે ખાય છે. આખો દિવસ ચારો ચરીને રાત્રે નદીનાં પટમાં એકસામટાં રાતવાસો કરે છે.

કુંજ સારંગકુળનું પક્ષી છે. કુંજને અંગ્રેજીમાં Common Crane કહે છે. જે યાયાવર તરીકે સમગ્ર ગુજરાતની મુલાકાત લે છે. બીજું સારંગકુળનું પક્ષી છે Demoiselle Crane. જે 'કરકરો' નામે ઓળખાય છે. આ પંખી કચ્છના પશ્ચિમ ભાગમાં ક્યારેક, પરંતુ એ સિવાય સમગ્ર ગુજરાતમાં વ્યાપક જોવા મળે છે.



કુંજ કરતાં નાનાં, પણ માથે ચળકતાં ધોળાં પીંછાંની ચોટલી ધરાવતાં કરકરા આ પંખી પણ આપણે ત્યાં શિયાળુ મુલાકાતી તરીકે આવે છે. એનો રંગ પણ કુંજની માફક રાખોડી જ છે, પણ કુંજ કરતાં થોડો ઊજળો છે. આ ઉપરાંત સારસ બેલડી તરીકે વિખ્યાત Sarus Crane આપણું કાયમી નિવાસી પંખી છે. જે ગુજરાતના પૂર્વીય ભાગ અને કચ્છના ઉત્તરીય ભાગ સિવાય સમગ્ર ગુજરાતમાં જોવા મળે છે. મધ્ય ગુજરાત સારસ પંખીના કાયમી નિવાસસ્થાન માટે બહુ જાણીતો વિસ્તાર છે. સારસ માટે અલગથી વિસ્તૃત નોંધ લખવી પડે તેવું એ મહત્વનું પંખી છે. આ સિવાય સાઈબીરિયન કુંજ (Siberian Crane) નામની કુંજની એક જાતિનો પક્ષી નિષ્ણાતોએ કચ્છમાં સીંગલ રેકોર્ડ નોંધ્યો છે. શિયાળુ મુલાકાતી પંખીઓના આવાગમનથી આપણે તેમની ખાસિયતો તથા બીજી ઘણી માહિતી મેળવી શકીએ છીએ. આવાં પંખીઓના અવલોકન વડે આપણે ઘણું નવું શીખી શકીએ છીએ. એટલે પંખીઓના અવલોકનની ટેવ આપણે વિકસાવીને આપણી આવનારી પેઢીને તેનાથી અવગત કરાવવી જોઈએ.

# એવું કયું અંગ છે શરીરનું જેને મહિલા પતિને અડવા દેતી નથી?

એક પરિણીત મહિલા સ્વેચ્છાએ પોતાના પતિને પોતાના શરીર પર અધિકાર આપે છે, પરંતુ તે પોતાના પતિને પોતાનું એક અંગ સ્પર્શવા દેતી નથી. પુરુષ ગમે એટલો પ્રયત્ન કરી લે, પરંતુ તે એ અંગને ક્યારેય સ્પર્શવા દેતી નથી, કેમ કે તેના સંસ્કાર તેને આવું કરતા રોકે છે. તો આવો જાણીએ કે આખરે તે કયું અંગ છે?

UPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાના ઇન્ટરવ્યૂમાં આવા જ ઘણાં વિચિત્ર પ્રશ્નો પૂછવામાં આવે છે. એવા પ્રશ્નો જે કદાચ પરીક્ષાની તૈયારી માટેના પુસ્તકોમાં પણ નહીં હોય. એટલે ઉમેદવારે પોતાની રીતે જ કોઠાસૂઝ અનુસાર જવાબ આપવો પડે છે. જો તમે સાચો જવાબ નહીં આપો તો ઇન્ટરવ્યૂમાં નિષ્ફળ થઈ શકો છો. ઘણીવાર આવા પ્રશ્નોને લઈને ઉમેદવાર ડરી જાય છે.

UPSC જેવી પરીક્ષાઓ પાસ કરવી ઘણી અઘરી છે. ઘણાં લોકો પ્રાથમિક અને મુખ્ય પરીક્ષા તો પાસ કરી લે છે, પરંતુ છેવટે તે ઇન્ટરવ્યૂમાં ફેલ થઈ જાય છે. તેનું કારણ ઇન્ટરવ્યૂમાં પૂછવામાં આવતા વિચિત્ર



સવાલો છે. જો તમને આવો કોઈ પ્રશ્ન પૂછવામાં આવે તો તમે શું કરશો? હવે ઉપરના સવાલના જવાબની કલ્પના કરો, પોતાની જવાબની તુલના નીચે આપવામાં આવેલા જવાબ સાથે કરો અને જુઓ કે તમારો ધારેલો જવાબ કેટલો સાચો છે.

શરીરનું એક અંગ એવું છે, જે ભારતીય મહિલા પોતાના પતિને ક્યારેય સ્પર્શવા દેતી નથી. તે બીજું કંઈ નહીં, પરંતુ પગ છે. કોઈપણ પત્ની પોતાના પતિને ક્યારેય પણ પોતાના પગને સ્પર્શવા દેતી નથી. આ એક પત્ની તરફથી પતિને આપવામાં આવતું સન્માન છે.

તે ઇચ્છે છે કે, તેનો પતિ હંમેશા સર્વશ્રેષ્ઠ હોય અને તે ક્યારેય નથી ઇચ્છતી કે તે તેના પગને સ્પર્શ કરે. એટલે એક ભારતીય પરિણીત મહિલા કોઈપણ કાળે પોતાના પતિને પગ સ્પર્શવા દેતી નથી. જો તમે ધારેલો જવાબ પણ પગ છે, તો તમને પૂરેપૂરા માર્ક મળશે.

હિન્દુ ધર્મમાં પતિ-પત્નીનો સંબંધ પવિત્ર અને શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે અને એવું માનવામાં આવે છે કે, આ એવો સંબંધ છે જે ભગવાન નક્કી કરે છે. આ સંબંધ ધાર્મિકતા, પ્રેમ અને સેવાભાવથી પૂર્ણ હોય છે. જે જીવનને સફળ બનાવવામાં મદદ કરે છે. હિન્દુ ધર્મમાં પતિને પરમેશ્વરની ઉપાધિ આપવામાં આવી છે. તેથી હંમેશા પત્નીએ પતિનો આદર કરવો જોઈએ. એવી જ રીતે પતિએ પણ પોતાની પત્નીનું સન્માન કરવું જોઈએ.